પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

-: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:

ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેક્શન/પરમીટ/૫૩/ ૨૦૨૧, તા.૧૩/૦૪/૨૦૨૧

સુધારા હુકમ:- ૦૨

વંચાણે લીધા:- (૧).ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા. ૧૨/૦૪/૨૦૨૧ તથા,

(૨). અત્રેની કચેરીના નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેક્શન/૫૩/ ૨૦૨૧.તા.૩૧/૦૩/૨૦૨૧

(૩). અત્રેની કચેરીના સુધારા હુકમ નં-૦૧ નંબર-વિ.શા/જાહેરનામું/ એ-સેક્શન/૫૩/૨૦૨૧ તા.૦૭/૦૪/૨૦૨૧ આધારે,

**COVID-19** ના સંક્રમણને રોકવા તથા તેને સંપુર્ણ પણે નાબૂદ કરવા સાવચેતી તથા નિયત containment strategy નું પાલન કરવા surveillance, containment અને **COVID-19** ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાનાનું ચુસ્તપણે અમલીકરણ માટે **National Disaster Management Authority** ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭/૦૧/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: **40-3/2020-DM-I(A)** થી તા.૦૧/૦૨/૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવેલ. સદર માર્ગદર્શિકાની સમય મર્યાદા કેન્દ્રીય ગૃહમંત્રાલયના ભારત સરકારના હુકમ ક્રમાંક: **40-3/2020-DM-I(A)** તા.૨૩/૩/૨૦૨૧ તથા ગુજરાત સરકારના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા.ફા), તા. ૩૦/૦૩/૨૦૨૧ થી તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

નોવેલ કોરોના વાયરસ ( **COVID-19** )ને **WHO** દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા સમયાંત્તરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજયમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઇ રહી છે. જે અંગે રાજય સરકારે ગંભીરતાપુર્વક વિચારણા કરેલ છે.પુખ્ત વિચારણાને અંતે રાજય સરકારે ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/ ૪૮૨ તા.૧૨/૦૪/૨૦૨૧ ના હુકમથી તા.૧૪.૦૪.૨૦૨૧ થી તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી અમલમાં રહે તે રીતે કેટલીક બાબતો અમલમાં મુકવા નિર્ણય કરેલ છે.જેથી અત્રેની કચેરીના જાહેરનામા નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેક્શન/૫૩/૨૦૨૧ તા.૩૧/૦૩/૨૦૨૧ તથા સુધારા હુકમ નં-૦૧ નંબર-વિ.શા/જાહેરનામું/ એ-સેક્શન/૫૩/૨૦૨૧ તા.૦૭/૦૪/૨૦૨૧ માં સુધારો કરી નીચે મુજબ ની કેટલીક ગતિવિધીઓ અમલમાં મુકવુ જરૂરી જણાય છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/ સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૧૪/૪/૨૦૨૧

ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૩૦/૦૪/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ સુધારા હુકમ કરૂ છું:

-:હુકમ:-

(૧) તા.૧૪.૦૪.૨૦૨૧ થી તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦ (પચાસ) થી વધુ વ્યક્તિઓ એકઠા થઇ શકશે નહિ. પરંતુ અમદાવાદ શહેરમાં રાત્રિ કર્ફ્યુ અમલમાં હોવાથી રાત્રિ કર્ફ્યુના સમયની અવધી દરમિયાન લગ્ન સમારંભ યોજી શકાશે નહિ.

(૨) અમદાવાદ શહેરમાં રાત્રિ કર્ફ્યુ અમલમાં હોવાથી કર્ફ્યુ સમય દરમ્યાન કોઇપણ કાર્યક્રમ યોજી શકાશે નહિ.

(3) મૃત્યુના કિસ્સામાં અંતિમ વિધી/ઉત્તરક્રિયામાં ૫૦ (પચાસ) થી વધારે વ્યક્તિ એકત્ર થઇ શકશે નહિં.

(૪) તા.૦૭/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી રાજકીય, સામાજીક અને અન્ય મેળાવડા યોજવા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

(૫) જાહેરમાં રાજકીય/ સામાજીક/ ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસની ઉજવણી કે અન્ય મેળાવડા યોજવા પર તાત્કાલિક અસરથી સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

(૬) એપ્રિલ તથા મેં માસ દરમ્યાન આવતા દરેક ધર્મના તહેવારો જાહેરમાં ઉજવી શકાશે નહિં , તથા જાહેરમાં લોકો એકત્ર થઇ શકશે નહિ. તમામ તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુટુંબ સાથે ઉજવવાના રહેશે.

(૭) સરકારી, અર્ધ સરકારી, બોર્ડ , કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી રાખવાની રહેશે અથવા alternate day એ કર્મચારીઓ ફરજ પર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઇ લાગુ પડશે નહિં.

(૮) તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીઓ તમામ શનિ-રવિવારે બંધ રહેશે.સરકારી કચેરી ઓમાં ખુબ જ અગત્યની કામગીરી હોય તો જ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે.

(૯) રાજયના તમામ ધાર્મિક સ્થાનો તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી જાહેરજનતા માટે બંધ રાખવા અપીલ કરવામાં આવે છે. ધાર્મિકસ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધી ધાર્મિકસ્થાનોના સંચાલકો/પૂજારીઓ દ્વારા મર્યાદિત લોકો સાથે કરવામાં આવે તે સલાહભર્યુ છે. શ્રધ્ધાળુઓને પણ ધાર્મિક સ્થાનોમાં પ્રત્યક્ષ દર્શન ના કરવા જવાની વિનંતિ કરવામાં આવે છે.

(૧૦) રાજ્યની ખેત ઉત્પાદન બજાર સમિતીઓએ (એ.પી.એમ.સી.) પણ કોવીડ-૧૯ અંગેની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) ગૃહ વિભાગમાં સમાંક્રમાંકના તા.૦૬.૦૪.૨૦૨૧ ના હુકમથી આપવામાં આવેલ અન્ય સુચનાઓ તથા અત્રેના ઉપરોકત જાહેરના નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેક્શન/૫૩/ ૨૦૨૧. તા.૩૧/૩/૨૦૨૧ તથા સુધારા હુકમ નં-૦૧ નંબર-વિ.શા/જાહેરનામું/ એ-સેક્શન/૫૩/૨૦૨૧ તા.૦૭/૦૪/૨૦૨૧ ના હુકમથી આપવામાં આવેલ સુચનાઓ યથાવત રહેશે.

(૧૨) ઉપરોકત સમય દરમિયાન કોવિડ-૧૯ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓનું દરેક નાગરિકે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:શિક્ષા:-

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા **THE DISASTER MANAGAMENT ACT- 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ હેઠળ સજાને પાત્ર થશે.

-:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા **THE DISASTER MANAGAMENT ACT- 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઇઓ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૩/૦૪/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-01 માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)